# રાતા જેવા ફૂલડાં ને શામળ જેવો રંગ

રાતા જેવા ફૂલડાં ને, શામળ જેવો રંગ
હો હો હો હો રાતા જેવા ફૂલડાં ને, શામળ જેવો રંગ
આજ તારી આંગીનો, કાંઈ રૂડો બન્યો રંગ
અરે આજ તારી આંગીનો, કાંઈ રૂડો બન્યો રંગ
હો પ્યારા પાસજી હો લા ...લ, દિન દયાળ મને નયણે નિહાળ (૨)

હો હો હો
જોગીવાડે જાગતો ને, માતો ધિન્ગડમલ (૨)
શામળો સોહામણો ... શામળો સોહામણો ને, જીત્યા આઠે મલ્લ
હો પ્યારા પાસજી હો લા ...લ, દિન દયાળ મને નયણે નિહાળ (૨)

હો હો હો
તું છે મારો સાહ્યબો ને, હું છું તારો દાસ (૨)
આશા પૂરો દાસની ... આશા પૂરો દાસની કાંઈ, સાંભળી અરદાસ
હો પ્યારા પાસજી હો લા ...લ, દિન દયાળ મને નયણે નિહાળ (૨)

હો હો હો

દેવ સઘળા દીઠા તેમાં, એક તું અવ્વલ (૨)

લાખેણો છે લટકો તારો ... લાખેણો છે લટકો તારો, દેખી રીઝે દિલ

હો પ્યારા પાસજી હો લા ...લ, દિન દયાળ મને નયણે નિહાળ (૨)

હો હો હો

કોઈ નમે પીરને ને, કોઈ નમે રામ (૨)

ઉદયરત્ન કહે પ્રભુ ... ઉદયરત્ન કહે પ્રભુ, મારે તમશું કામ

હો પ્યારા પાસજી હો લા ...લ, દિન દયાળ મને નયણે નિહાળ (૨)

રાતા જેવા ફૂલડાં ને, શામળ જેવો રંગ

હો હો હો હો રાતા જેવા ફૂલડાં ને, શામળ જેવો રંગ

આજ તારી આંગીનો, કાંઈ રૂડો બન્યો રંગ

અરે આજ તારી આંગીનો, કાંઈ રૂડો બન્યો રંગ

હો પ્યારા પાસજી હો લા ...લ, દિન દયાળ મને નયણે નિહાળ (૨)

હો દિન દયાળ મને નયણે નિહાળ (૨)

2016-03-24 - https://www.youtube.com/watch?v=yBkVCpW5JWY